મનપાનું નવુ સીમાંકન જારી કરાયુ

વોર્ડ નં. 3 અને વોર્ડ નં. ૫માં માત્ર શહેરી વિસ્તારો : જ્યારે વોર્ડ નં.૨, ૭ અને ૧૧માં માત્ર ગ્રામીણ વિસ્તારો, જ્યારે બાકીના વોર્ડમાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોનું મિશ્ર : પંચદેવ મંદિર અને મહાત્મા મંદિર વોર્ડ એવા નામાભિધાન પણ કરાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીને લઈ આજે રાજ્ય ચૂંટણી પંચે તેના નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો જારી કર્યા છે.

નવા સીમાંકનમાં ૧૧ વોર્ડ રચવામાં આવ્યા છે. દરેક વોર્ડમાં સરેરાશ વસ્તી ૨૯,૪૯૯ની થાય છે. આ વસ્તીનું ધોરણ-૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓને ધ્યાને રાખી કરવામાં આવ્યુ છે. આ પ્રાથમિક આદેશમાં જણાવ્યા મુજબ વોર્ડ-૧માં મળવાપાત્ર સરેરાશ ઘટ કરતાં સરેરાશ વસ્તીના ૯.૧૦ ટકા ઘટ વધુ છે. વોર્ડ નં. ૬, ૩, ૯, ૪ અને ૧૦ માં અનુ. જાતિ માટેની બેઠકો ફાળવવામાં આવી છે. જેમાં વોર્ડ નં. ૬, ૯ અને ૧૦ અનુ. જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવામાં આવી છે.

પછાત વર્ગ માટે ૪ બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં વોર્ડ નં. ૪, ૧૧, ૨ અને ૧ નો સમાવેશ થાય છે. વોર્ડ નં. ૨ અને ૪ માં પછાતવર્ગની સ્ત્રી માટે બેઠક અનામત રાખવામાં આવી છે.

અનુ. જાતિ માટે વોર્ડ નં. ૪, ૧૧, ૮, ૫ અને ૧ માં બેઠકો ફાળવવામાં આવી છે. જેમાં વોર્ડ નં. ૧૧, ૫ અને ૧ માં અનુ. જાતિની સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે.

શહેરમાં કરાયેલ નવા સીમાંકનમાં વોર્ડ નં. ૧માં રાંધેજા, સે. ૨૫-૨૬નો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૨ માં પેથાપુર, જીઈબી અને આદિવાડાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૩ માં સે. ૨૪-૨૭ અને સે. ૨૮નો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૪માં પાલજ, ધોળાકુવા, બોરીજ, ઈન્દ્રોડા અને સે. ૨૦ અને સેક્ટર-૨૯ના કેટલાક વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૫ નુ નામ પંચદેવ વોર્ડ આપી તેમાં સે. ૨૩, ૨૨, ૨૧, ૧૯, ૧૮, ૯ ,૧૦, સે.૩૦ તથા સે-૨૯ના કેટલાક વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૬ નું મહાત્મા મંદિર નામાભિધાન કરવામાં આવ્યુ છે. જેમાં સે. ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, કુબેરનગર(વાવોલ) અને ગોકુળપુરાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૭ માં કોલવડા, વાવોલના વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૮માં અંબાપુર, સરગાસણ, વાસણા હડમતિયા, સે. ૪, પોરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૯માં કુડાસણ નામાભિધાન કરી તેમાં સે. ૩-એ-ન્યુ, સે. ૩, સે. ૨, ગાંધીનગર કોબા રોડનો પશ્ચિમ દિશા તરફનો વિસ્તાર તેમજ ટી.પી.૬ નો ધોળાકુવા ગામનો સમાવેશ કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૧૦માં સે. ૬, ૭, ૧, કોબા, રાંદેસણ, રાયસણ, અમદાવાદ-ગાંધીનગર તરફ આવતા પૂર્વ દિશા તરફ કુડાસણનો કેટલોક વિસ્તાર અને ટી.૫માં ધોળાકુવા ગામ તથા ઈન્દ્રોડા ગામનો વિસ્તાર.

વોર્ડ નં. ૧૧ માં ભાટ-ખોરજ, નભોઈ, કોટેશ્વર, અમિયાપુર, સુઘડ, ઝુંડાલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશોની પ્રસિદ્ધિ જાહેર સ્થળો પર કરવામાં આવશે તેમજ તે અંગેના વાંધા-સૂચનો પણ રજુ કરી શકાશે.

સેક્ટર-૭ના રીંગ રોડને પહોળો કરવામાં માત્ર ૩ વૃક્ષ દુર કરાશે

બંને બાજુએ ૧.૫૦ મીટર પહોળાઇ વધવાથી રોડ ૭માંથી ૧૦ મીટર પહોળો થશે : અન્ય સેક્ટરોના રીંગ રોડ કરતા સેક્ટર-૭ના રીંગ રોડની પહોળાઇ ઓછી હોવાના કારણે રોડને ચાર માર્ગી કરવાનો થતો ન હોવાથી રોડની વચ્ચે સેન્ટ્રલ વર્જ પણ કરવાની થતી નથી

ગાંધીનગર, તા.૧૯

મહાનગર પાલિકા દ્વારા શહેર વિસ્તારમાં વધતા ટ્રાફિકના ભારણ અને તેના કારણે સેક્ટર વિસ્તારમાં પણ વધતા જતાં અકસ્માતના બનાવોની વાતને ગંભીરતાથી લઈને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સેક્ટરના રીંગ રોડને પહોળા કરવાની યોજના હાથ ધરાઈ છે. ત્યારે રસ્તાને પહોળા કરવા દરમિયાન ઓછામાં ઓછી વૃક્ષની હાની થાય તે જોવા મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. આગામી દિવસોમાં સેક્ટર-૭માં આંતરિક મુખ્ય માર્ગને પહોળો કરવામાં આવનાર છે. ત્યારે નવેસરથી તૈયાર કરાયેલી ડિઝાઈનમાં હવે માત્ર ૩ વૃક્ષોને જ દુર કરવામાં આવશે. અહીં આંતરિક મુખ્ય માર્ગ પહોળો કરવા માટે જગ્યા/પહોળાઈ અન્ય સેક્ટર કરતા ઓછી હોવાથી તેને ફોરલેન કરવાના બદલે ૧૦ મીટર પહોળો કરવાનું આયોજન કરાયુ છે. તેના પગલે રોડની વચ્ચે સેન્ટ્રલ વર્જ કરવાની પણ રહેતી નથી.

ઈજનેરી શાખાના અધિકારીના જણાવ્યા મુજબ સેક્ટર-૭માં રીંગ રોડ હાલમાં ૭ મીટરની પહોળાઈનો છે. વસતી અને વાહનોમાં વધારો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

રેલવે સ્ટેશન નજીક હોટલ વિસ્તારનો નઝારો રંગબેરંગી ફુલોથી નિખરશે

હોટલ વિસ્તારમાં વનતંત્ર દ્વારા ૫૫૫૫ નવા રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર રેલવે સ્ટેશન નજીક સ્થિત હોટલ વિસ્તારમાં નવા રોપોઓની વાવણી કરાશે. વનતંત્ર દ્વારા આ વિસ્તારમાં ૫૫૫૫ નવા રોપાઓની વાવણી કરાશે. હાલ આ ઠેકાણે ખાડા ખોદવામાં આવી રહ્યા છે. રંગબેરંગી ફુલો નિખરે તે માટે પેથોડિયા, ગુલમહોર,કદમ, મિલેટીયા,બોરસલી સહીતના રોપાઓની વાવણી કરવામાં આવશે. ખોદકામગીરી બાદ આગામી સપ્તાહમાં રોપાઓની વાવણી કરી દેવાશે.

શહેરમાં રેલવે સ્ટેશન નજીક હાઈટેક હોટલનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ પુર્ણતાના આરે છે. સ્ટેશનના વિકાસની સાથે હોટલનુ કામ પુર્ણ થતા આ વિસ્તારનો નઝારો બદલાશે. હોટલ નિર્માણની સાથે આ વિસ્તારમાં હરિયાળી સહીત રંગબેરંગી ફુલો નિખરે તે માટે પણ આયોજન કરાયુ છે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં રંગબેરંગી ફુલો નિખારવા માટે તેમજ નવા પ્લાન્ટેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની પણ વાવણી કરવામાં આવે છે. ત્યારે શહેરમાં ખાલી જગ્યામાં પણ નવા રોપાઓની વાવણી કરવા બ્યુટીફિકેશન તેમજ હરિયાળી નિખારવા માટે સમયાંતરે અવનવા રોપાઓ ઉછેરવામાં આવે છે. શહેરમાં સ્ટેશન વિસ્તારમાં નિર્મિત નવીન હોટલને અનુલક્ષી આ વિસ્તારમાં વનતંત્ર દ્વારા ૫૫૫૫ નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. જેમાં ટર્મિલીયા, પેથોડિયા , ડબુભીયા, કદમ, બોરસલી,ગુલમહોર સહીતના ૫ હજારથી વધુ રોપાઓની વાવણી કરાશે. જેના અંતે હોટલ બિલ્ડીંગ પાસે રંગબેરંગી

નવા સેકટરોમાં ટુંકાગાળામાં આંતરિક માર્ગોનુ ધોવાણ

સે-૩,૪ અને સે-૫ અને ૬ માં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બનતા રહીશો તોબા : માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે રજુઆત

ગાંધીનગર તા ૧૯

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની દશા ખરાબ થઇ છે. ટુંકા સમયગાળામાં જ માર્ગો

ઉબડ ખાબડ બનતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. સે-૩, ૪ અને સે-૫ તેમજ સે-૬ માં આંતરિક માર્ગો પર કપચીના ઢગ જોવા મળે છે. સેકટરમાં માર્ગ સુધારણાની કામગીરી ફરી હાથ ધરવા માટે રજુઆત કરવામાં આવી છે.

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી દરમિયાન ગુણવત્તા ન જળવાતા હાલ આ માર્ગો પરથી કપચી ઉખડી ગઇ છે. જયારે માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. માર્ગ સલામતી પણ જોખમાઇ છે. આ સ્થિતિ વચ્ચે સે-૩, ૫, અને સે-૬ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ફરીવાર હાથ ધરવા માટે પણ માંગણી ઉઠવા પામી છે. રોડ નિર્માણની કામગીરી દરમિયાન ગુણવત્તા ન જળવાઇ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે ટુંકા સમયગાળામાં જ માર્ગોનુ ધોવાણ થતા હાલ સેકટરવાસીઓના ઘર આંગણે જ ડામર માર્ગોની કપચીના ઢગ ખડકાયા છે. વોર્ડનં -૭ ના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ થઇ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર-ઈન્દોર એક્સપ્રેસ પુનઃ શરૂ

ગાંધીનગર, તા. ૧૯

આખરે દસ મહિનાના વિરામ બાદ ગાંધીનગર-ઈન્દોર એક્સપ્રેસ રજી માર્ચથી પુનઃ શરૂ કરવામાં આવી છે. આ ટ્રેન શરૂ કરવાની મુસાફરો સતત માંગ કરી રહ્યા હતા.

ગાંધીનગર ઈન્દોર વચ્ચે દોડતી ટ્રેન કોરોના કાળના લીધે છેલ્લા ઘણા સમયથી બંધ હતી. લગભગ દસ મહિના સુધી આ ટ્રેન બંધ કરી હતી. કોરોનાનો કેર ઓછો થતાં આખરે આ ટ્રેન શરૂ કરવામાં આવી છે. દરરોજ અપડાઉન કરતા મુસાફરો આ ટ્રેન બંધ થતા ઘણી મુશ્કેલીઓ સહન કરી રહ્યા હતા. મુસાફરો તેને પુનઃ શરૂ કરવાની રજૂઆત છેક ઉચ્ચકક્ષા સુધી કરી આવ્યા હતા. આખરે રેલવે વિભાગે તેની શરૂ કરવાની તૈયારી દર્શાવી છે. વેસ્ટર્ન રેલવેએ પ્રસિદ્ધ કરેલી અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગર-ઈન્દોર સ્પેશિયલ આગામી રજી માર્ચ-૨૦૨૧થી શરૂ કરાશે. દરરોજ સાંજે ૬.૧૫ કલાકે આ ટ્રેન ગાંધીનગરથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૫.૫૫ વાગે ઈન્દોર પહોંચશે.

એસ ટી ડેપોમાં સાંજના સમયે દહેગામ વિજાપુર રૂટની બસના અભાવે મુસાફરો પરેશાન

છેલ્લા ઘણાં સમયથી આ રૂટમાં બસ સેવા શરૂ કરવા માટે રજુઆત કરવામાં આવી રહી છે છતા કોઇ આયોજન કરવામાં આવતુ નથી

ગાંધીનગર તા ૧૯

કોરોના કાળમાં લાંબા સમય સુધી એસ ટી બસ સેવા પ્રભાવિત થયા બાદ હવે એસ ટી બસમાં પુરતો ટ્રાફિક જોવા મળે છે. ગાંધીનગર ડેપોમાં પણ મુસાફરોની ભીડ જોવા મળી રહી છે. ત્યારે ડેપોથી ગ્રામ્ય વિસ્તારમાં સાંજના સમયે વિજાપુર તેમજ દહેગામ રૂટની બસ સેવા મળતી નથી જેના લીધે મુસાફરોએ વલખા મારવા પડે છે. ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોને અનુલક્ષીને પણ ડેપો કક્ષાએથી યોગ્ય રૂટમાં બસો દોડાવાતી ન હોવાનો રોષ મુસાફરો ઠાલવી રહ્યા છે.

ગાંધીનગર એસ ટી ડેપોથી સાંજના સમયે હજુ ગ્રામ્ય વિસ્તારની બસો મળતી નથી જયારે બસ સુવિધાના અભાવે આસપાસના ગામો તરફ જવા માટે મુસાફરોએ ધકકે ચઢવાનો વારો આવે છે. લોકડાઉન બાદ એસ ટી બસના પૈડા પાટે ચઢયા બાદ હાલમાં ગાંધીનગર ડેપોમાં પણ પુરતો ટ્રાફિક જોવા મળે છે. એસ ટી ડેપોની આવક પણ અગાઉની જેમ વધી ગઇ છે. એસ ટી બસમાં મુસાફરોની ભીડ પણ જોવા મળે છે. પરંતુ હજુ મુસાફરોને યોગ્ય રૂટમાં બસ સેવા મળતી નથી. જેમાં ખાસ કરીને ગાંધીનગર આસપાસના ગામોમાં પણ બસ સેવાના અભાવે મુસાફરોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. સાંજના સમયે વિજાપુર અને દહેગામ રૂટમાં બસ મળતી નથી. દહેગામ તેમજ વિજાપુર ડેપોની બસ ગાંધીનગર ન આવતા મુસાફરોએ હાલ ખાનગી વાહનોમાં બેસવાનો વારો આવ્યો છે. જયારે આ રૂટમાં આવતા અંબોડ, મુબારકપુર સહીતના ગામોમાં પણ બસ સુવિધાના અભાવે ગ્રામજનોએ ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે. ગાંધીનગર ડેપોમાંથી પણ શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં લાબા સમયથી બસ દોડવાવામાં આવતી નથી જેના લીધે આસપાસના ગ્રામજનોને સલામત સવારી નસીબ થતી નથી. કોરોના કાળ બાદ હવે નાગરિકો એસ ટી બસ સેવાનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે ત્યારે એસ ટી નિગમે પણ જે વિસ્તારો બસ સેવાથી વંચિત હોય તે અંગે યોગ્ય અભ્યાસ કરી સંબંધિત ડેપોને યોગ્ય આયોજન કરવા માટે સુચના આપવી જોઇએ તેવી માંગ પણ ઉઠવા પામી છે.

સફાઈની કામગીરી સામે ભાજપના સભ્યોએ જ રોષ વ્યકત કર્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઈની એક માત્ર સેવા હોવા છતાં તેમાં જે રીતે ઉદાસીનતા દાખવવામાં આવે છે તેને લઈ ભાજપના કાર્યકરોએ જ આજે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

બજેટ ૨૦૨૧-૨૨ માટે કાર્યકરો પાસેથી સૂચનો મેળવવા આજે મેયર રીટાબેન પટેલ દ્વારા બેઠકનું આયોજન કરાયુ હતુ. આવી જ બેઠક કાલે શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોના આગેવાનોને બોલાવવામાં આવ્યા છે.

આજે કાર્યકરોએ રોષ વ્યકત કરતાં જણાવ્યુ હતુ કે જનસંપર્ક અભિયાન માટે જઈએ છીએ ત્યારે સફાઈની કામગીરીની ગેરરીતિ અને ઉદાસીનતા અંગેની ફરિયાદોનો જવાબ આપવો પણ ભારે પડી રહ્યો છે. લોકોમાં આ અંગે ભારે આક્રોશ અને નિરાશા જોવા મળી રહી હોવાની રજુઆતો થઈ હતી.

મેયર રીટાબેન પટેલે બેઠકને સંબોધતાં જણાવ્યુ હતુ કે બધાની અપેક્ષાઓ, આશાઓ પૂર્ણ કરવા તંત્ર કટિબદ્ધ છે. શહેર પ્રમુખે જણાવ્યુ હતુ કે સંપર્ક અભિયાન મહત્વનું છે શહેરનો વિસ્તાર વધ્યો છે એટલે ક્યાંક કદાચ તંત્રની ઉદાસીનતા જણાતી હોય તો તેમને અથવા મેયરનું ફોન કરી ધ્યાન દોરવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં ચૂંટાયેલી પાંખના સભ્યોની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેવી હતી માત્ર બે કાઉન્સીલરોએ જ હાજરી આપી હતી.

આ બેઠકમાં ડે. મેયર, સ્થાયી સમિતિના ચેરમેન તેમજ અન્ય સભ્યો ગેરહાજર રહ્યા હતા. કેટલાક સભ્યોએ કેટલાક વિકાસના કામ પણ સૂચવ્યા હતા.

જિલ્લામાં ૧૦ નવા કેસ : ૮ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે પણ વધુ ૧૦ કેસ કોરોનાના મળી આવ્યા છે. જેમાં શહેર વિસ્તારમાં ૬ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં 3 અને કલોલમાં એક કેસ નોંધાયો સે. ૧, ૨, ૩, ૪, ૫ અને ૨૪ માંથી કેસો મળી આવ્યા

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર થતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો આજે નોંધાયા છે તેમાં ૩ કેસ ગાંધીનગરમાં અને એક કેસ કલોલ અર્બનમાં નોંધાયો છે.

કલોલમાં કોરોનાએ પુનઃ દેખા દેતાં તંત્ર સતર્ક બન્યુ છે અને શહેરમાં સઘન સર્વેલન્સ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે ચાંપતી નજર રાખવા તાકીદ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

સહકારીક્ષેત્ર અને રાજકીય આગેવાન રામચંદ્રભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા ભાજપના અને સહકારી જગતના અગ્રણી રામચંદ્રભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન થયુ છે.

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામના વતની રામચંદ્રભાઈ પટેલ માર્કેટયાર્ડમાં ડિરેક્ટર પંચાયતના પૂર્વ હાલ ઈસનપુરની તરીકે પણ સેવાઓ ગાંધીનગર તાલુકા મેમ્બર પણ હતા.

અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ રામચંદ્રભાઈ પટેલ ભારતીય કિસાનસંઘના અગ્રણી પણ હતા. ભારતીય કિસાન સંઘના શરૂઆતના સમયમાં તેઓ ખુબ સક્રિય હતા અને કિસાન સંઘના સંગઠનને મજબુતી આપવાની મહત્વની કામગીરી તેમણે કરી હતી.

સ્વ. રામચંદ્રભાઈ પટેલની આજે નીકળેલ અંતિમયાત્રામાં સહકારી ક્ષેત્રના અગ્રણી, રાજકીય અગ્રણીઓ, વેપારી આગેવાનો, સામાજિક સંગઠનોના અગ્રણીઓ જોડાયા હતા.

ડ્રાફ્ટ વિધાઉટ પ્રેજ્યુડાઈસ (ડ્રાફ્ટ ફોર એપ્રુવલ)

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા માણસાના ગામ મોજે લિંબોદરાના (૧) નવા બ્લોક/સર્વે નંબર-૨૧૮ની ખાતા નંબર-૨૧૦ ધરાવતી કુલ ૬૭૮૭૬ ચોરમીટર તથા (૨) નવા બ્લોક / સર્વે નંબર - ૨૪૮ની ખાતા નંબર-૨૧૦ ધરાવતી કુલ ૧૬૬૨૮ ચોરસમીટર મળી કુલ ૮૪૫૦૪ ચોરસમીટર (જુના બ્લોક / સર્વે નંબર-૩૫૫ની કુલ ૮૩૫૪૩ ચોરસમીટર)ના ક્ષેત્રફળની જમી પેકી ૮૪૯૮ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન (૧) પ્રજાપતિ રેવાભાઈ શંકરભાઈ તથા (૨) પ્રજાપતિ ગોવિંદભાઈ હરજીવનદાસ, બંને રહેવાસી - ગામ લિંબોદરા, તાલુકો માણસા, જીલ્લો - ગાંધીનગરની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજાઓ રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની માંગણી કરેલી છે તથા સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલું છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સનું સર્ટીફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં તથા અમારા અસીલ દ્વારા જમીન ખરીદવાની કાર્યવાહી કરાવમાં આવશે.

તારીખ : ૧૯/૨/૨૦૨૧

અમારી સુચનાથી
રેવાભાઈ શંકરભાઈ પ્રજાપતિ
ગોવિંદભાઈ હરજીવનદાસ પ્રજાપતિ

પાર્થ એચ. ભટ્ટ (એડવોકેટ)
એ-૯૦૧, આર્યન એમિનન્ટ,
ગુજરાત હાઈકોર્ટની સામે,
ગણેશ મેરિડિયન બિલ્ડીંગ નજીક
ચાણક્યપુરી રોડ,
અમદાવાદ-૩૮૦૦૬૧
મોબાઈલ - ૮૮૬૬૯૪૧૦૯૦



પ્રાર્થના સભા

અમારા પિતાશ્રી રામચંદ્ર ગાંડાભાઈ પટેલ (ઈસનપુર મોટા)નું દુઃખદ અવસાન તા. ૧૯/૨/૨૦૨૧ને શુક્રવારે સવારે થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૧/૨/૨૦૨૧ને રવિવારે સવારે ૮ થી ૧૨ નીચેના સ્થળે રાખેલ છે.

: સ્થળ :
શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ,
ઈસનપુર-મોટા (ગાંધીનગર)

લિ.
ગં.સ્વ. સુભદ્રાબેન રામચંદ્ર પટેલ

પ્રતિક રાજેન્દ્રકુમાર પટેલ (પૌત્ર)
ભાવેશ રાજેન્દ્રકુમાર પટેલ (પૌત્ર)
ઋષિક રાજેન્દ્રકુમાર પટેલ (પૌત્ર)
ઝલક હિતેન્દ્રકુમાર પટેલ (પૌત્ર)
વિનાયક રામચંદ્ર પટેલ (પુત્ર)
(એડીસી બેંક) મો. ૯૮૨૫૭ ૨૧૯૩૫
કૃષિક વિનાયક પટેલ (પૌત્ર)
હિતેન્દ્રકુમાર અંબાલાલ પટેલ (ભત્રીજા)

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ અને
માતુલ્ય વુમન્સ હોસ્પિટલના સહયોગ થી
ગાંધીનગરમાં ખાસ કેમ્પ

Zydus Hospitals
A Complete Hospital

જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ડૉ. કલ્પેશ પટેલ - MS (Ortho)



જોઈન્ટ (સાંધા)ની બીમારીના લક્ષણો
- ઘૂંટણ કે થાપાનાં રિપ્લેસમેન્ટના ઓપરેશનની સલાહ આપેલ હોય
- ઘૂંટણ, થાપા કે ખભામાં દુઃખાવો રહેવો
- સાંધા જકડાઈ જવા કે સાંધામાંથી અવાજ આવવો
- ચાલવામાં કે રોજીંદી ક્રિયામાં તકલીફ રહેવી
- સાંધાની ગાદી કે લીગામેન્ટને લગતી તકલીફ કે ઈજા હોય
- ઘૂંટણ, થાપા, ખભા કે કોણીનું ઓપરેશન કરાવ્યાં પછી પણ તકલીફ રહેતી હોય

એક જ દિવસ માં ઘૂંટણની સર્જરી કરાવી ઘરે પાછા

તારીખ: 21-02-2021 (રવિવાર) | સમય: સવારે 10:00 થી બપોરે 12:30

સ્થળ: માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, બી - ૩૦૫/૩૦૬, વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન પાર્ટી પ્લોટની સામે, રીલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : હેમંત ભટ્ટ - +91 98981 00345
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ હૉસ્પિટલ, સોલા બ્રિજ પાસે, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54 | 24x7 ઈમરજન્સી નં.: +91 78744 12345

*આ માહિતી માત્ર ડૉક્ટરો માટે જ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com